સભાની શરૂઆતમાં નેપાળમાં સર્જાયેલી ભયાનક ત્રાસદીમાં સ્વર્ગસ્થ થયેલા નેપાળ અને ભારત સહિત વિશ્વના વિવિધ દેશોના યાત્રાળુઓને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ત્યારબાદ મહામંત્રી શ્રી દિનેશભાઈ પટેલે એજન્ડા મુજબ ચર્ચાનો પ્રારંભ કરી ગત સભાનું પ્રોસીડિંગ વાંચી સંભળાવ્યું હતું. અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ તથા ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આદેશ અનુસાર આગામી ૫ સપ્ટેમ્બરના રોજ કાળી પટ્ટી ધારણ કરી કામગીરી કરવા તેમજ આંદોલન અંગે પ્રચાર-પ્રસાર કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમજ ઓપીએસની ફરજિયાત બહાલી અને ટેટ નાબૂદી સહિતના પ્રશ્નોને અનુલક્ષીને નવી દિલ્હી ખાતે જંતર-મંતર પર યોજાનારા ઝોનલ ધરણામાં આગામી ૭ ઓક્ટોબરના રોજ દેવગઢ બારીયા તાલુકામાંથી મોટી સંખ્યામાં શિક્ષકો હાજર રહે તે માટે આયોજન કરવામાં આવ્યું હતું. સીપીએફમાંથી જીપીએફમાં ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવા બદલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ભરવાડ સાહેબ તેમજ કચેરીના તમામ કર્મચારીઓનો સંઘ દ્વારા આભાર વ્યક્ત કરી ધન્યવાદ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. કર્મચારીઓના નાણાં વહેલામાં વહેલી તકે તેમના ખાતામાં જમા થાય તે માટે ઈ-સરકારમાં દરખાસ્ત રજૂ કરી જરૂરી કાર્યવાહી કરવા અંગે પણ આયોજન કરવામાં આવ્યું હતું. સંઘના પ્રમુખ બુધાભાઈ પરમારે શિક્ષકોના પગારની નિયમિતતા, જીપીએફના હિસાબોમાં રહેલી વિસંગતતાઓ દૂર કરવા તેમજ જીપીએફના નાણાં સમયસર જિલ્લા કચેરીમાં જમા થાય તે અંગે જરૂરી આયોજન અને ચર્ચા કરી હતી. સભામાં લવાજમ, નિવૃત્ત શિક્ષકોના બાકી વીમાના નાણાં સત્વરે મળે તે માટે કાર્યવાહી કરવા, જિલ્લા સંગઠનમાં મહિલા પ્રતિનિધિ મોકલવા સહિત અન્ય વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરી તેના નિરાકરણ માટે કવાયત હાથ ધરવામાં આવી હતી.

સંગઠનમાં જોડાયેલા ઉચવણ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી ધુળાભાઈનું ફૂલહાર પહેરાવી અને શાલ ઓઢાડી જિલ્લા ખજાનચી ભરતભાઈ મીનામા તથા તાલુકા ખજાનચીશ્રી મહેશભાઈ પટેલ દ્વારા સન્માન અને સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગોધરામાં અકસ્માતગ્રસ્ત વાહનની ચોકી કરતા હોમગાર્ડ જવાન પર હુમલો

(પ્રતિનિધિ) ગોધરા,
ગોધરા શહેરના ભામૈયા રોડ પર સમૃદ્ધિ સોસાયટી નજીક ફરજ બજાવી રહેલા હોમગાર્ડ જવાન પર પથ્થરમારો કરી અને જાનથી મારી નાખવાની ધમકી આપી બે અજાણ્યા શખ્સો અકસ્માતગ્રસ્ત ટ્રેલર બળજબરીપૂર્વક લઈને ફરાર થઈ જવાની ઘટના સામે આવી છે. આ મામલે ગોધરા શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

ચંચોપા ગામના રહેવાસી અને હોમગાર્ડ સભ્ય તરીકે ફરજ બજાવતા કિરણસિંહ પર્વતસિંહ બારીઆ નાઈટ રાઉન્ડની ફરજ પર હતા.ભામૈયા રોડ ખાતે સમૃદ્ધિ સોસાયટી પાસે એક ફેટલ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રેલરની દેખરેખ રાખવાની કાયદેસરની ફરજ તેમને સોંપવામાં આવી હતી.તારીખ ૩૧ ઓગસ્ટના રોજ વહેલી સવારે આશરે ૨૮ થી ૩૨ વર્ષની ઉંમરના બે અજાણ્યા શખ્સો ત્યાં આવી પહોંચ્યા હતા. તેઓએ પોલીસ કબજા હેઠળનું ટ્રેલર બળજબરીથી કઢાવી લઈ જવાના ઇરાદે હોમગાર્ડ જવાન પર પથ્થરો મારી ભયનો માહોલ ઊભો કર્યો હતો. જવાને પ્રતિકાર કરતાં આરોપીઓએ તેમને પકડી રાખી, દબાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેઓ હોમગાર્ડ જવાનની કાયદેસરની ફરજમાં રુકાવટ કરી ટ્રેલર લઈને નાસી છૂટ્યા હતા.આ બનાવ અંગે હોમગાર્ડ કિરણસિંહ બારીઆની ફરિયાદના આધારે ગોધરા શહેર 'એ' ડિવિઝન પોલીસ મથકે બે અજાણ્યા શખ્સો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના ભાનપુરા-ગોધરા ઇન્ટરચેન્જ માર્ગ પર અકસ્માતો વધતા ચિંતાજનક પરિસ્થિતિ

(પ્રતિનિધિ) દાહોદ,
દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેના પેકેજ નંબર ૨૭ અને ૨૮ હેઠળ લીમખેડાના ભાનપુરાથી ગોધરા ઇન્ટરચેન્જ વચ્ચે બનાવવામાં આવેલા માર્ગનો અનધિકૃત રીતે વાહનવ્યવહાર માટે ઉપયોગ શરૂ થયા બાદ હવે માર્ગની સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઉભા થયા છે. થોડાક દિવસ પૂર્વે આ મામલે રિયાલિટી ચેક દરમિયાન વાહનવ્યવહાર થતો હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ માર્ગનો ઉપયોગ કરતા વાહનોની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. જોકે માર્ગ હજી સત્તાવાર રીતે સંપૂર્ણપણે વાહનવ્યવહાર માટે ખુલ્લો કરવામાં આવ્યો ન હોવા છતાં લોકો દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ટ્રાફિકનું પ્રમાણ ઓછું હોવાથી કેટલાક વાહન ચાલકો વધુ ઝડપે વાહન ચલાવતા હોવાના કારણે અકસ્માતનું જોખમ વધી રહ્યું છે.જેમાં ગોધરા ઇન્ટરચેન્જ તરફના માર્ગ પર ગઈ કાલે રાત્રે એક પછી એક ચાર વાહનો અકસ્માતગ્રસ્ત થયાની ઘટના સામે આવી છે. જેમાં એક વાહન પલટી ખાઈ ગયું હોવાનું પણ જાણવા મળ્યું છે. તેમજ અકસ્માતમાં કેટલાક લોકોને ઈજા પહોંચી હોવાનું સામે આવ્યું છે. જોકે સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.પ્રાથમિક રીતે જાણવા મળ્યા મુજબ, માર્ગની વચ્ચે આડાશરૂપે મૂકવામાં આવેલા સ્ટીપર સાથે વાહનો અથડાતા અકસ્માત સર્જાયા હોવાનું સામે આવ્યું છે. જોકે અકસ્માતનું ચોક્કસ કારણ સત્તાવાર તપાસ બાદ જ સ્પષ્ટ થઈ શકશે.

હાઈવેનું કામ હજી પૂર્ણ થયું નથી અને માર્ગ સત્તાવાર રીતે શરૂ થયો નથી તેવા સંજોગોમાં રસ્તા પર વિવિધ સ્થળોએ બાંધકામ, રિપેરિંગ અથવા ડાયવર્ઝન સંબંધિત આડશો હોવાની શક્યતા રહે છે. આવા સ્થળોએ વાહનચાલકોને અગાઉથી સાવચેત કરવા માટે યોગ્ય બેરિકેડિંગ, રિફ્લેક્ટર અને દિશાસૂચક સૂચનાઓ જરૂરી બની જાય છે.એક તરફ વાહનચાલકોની બેદરકારીથી વધુ ઝડપે વાહન ચલાવવાનું જોખમ છે, તો બીજી તરફ માર્ગનો ઉપયોગ થઈ રહ્યો હોવાનું જાણવા છતાં સંબંધિત તંત્ર અને માર્ગ નિર્માણ કરતી એજન્સી દ્વારા પણ પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે કે કેમ તે અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે.

આ માર્ગ પર અગાઉ પણ અકસ્માતોની ઘટનાઓ સામે આવી હોવાના અહેવાલો છે. ત્યારે ભવિષ્યમાં કોઈ મોટી દુર્ઘટના સર્જાય તે પહેલાં માર્ગ પર જરૂરી સુરક્ષા પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

ઇન્ડિયા રેટિંગ્સે આધાર હાઉસિંગ ફાઇનાન્સનું રેટિંગ Stable સંભવિતતા સાથે અપગ્રેડ કરીને 'IND AA+' કર્યું

મુંબઈ,
દેશમાં ઓછી આવક ધરાવતા લોકોનાં સેગમેન્ટને ધિરાણ આપવા પર કેન્દ્રીત ભારતની અગ્રણી હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓ પૈકીની એક આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડે જાહેરાત કરી છે કે, ઈન્ડિયા રેટિંગ્સ એન્ડ રિસર્ચ એ કંપનીના ડેટ માધ્યમો અને બેંક લોન સુવિધાઓ પર રેટિંગ 'IND AA/ Positive'માંથી 'IND AA+/ Stable' કર્યું છે. CARE પછી ઈન્ડિયા રેટિંગ્સ બીજી રેટિંગ એજન્સી છે, જેણે આધારનું ક્રેડિટ રેટિંગ અપગ્રેડ કરીને AA+/Stable કર્યું છે.

કંપનીના રેટિંગમાં અપગ્રેડ કંપનીના સતત વિસ્તરણ, એસેટની સ્થિર ગુણવત્તા, ઊંચી નફાકારક ક્ષમતા અને પર્યાપ્ત મૂડીકરણને પ્રતિબિંબિત કરે છે. રેટિંગ એજન્સીએ વાજબી કિંમત ધરાવતા મકાનના ફાઈનાન્સ સેગમેન્ટમાં આધારની સ્થાપિત પોઝિશન, વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં એની કામગીરી, ફંડિંગની ડાઈવર્સિફાઈડ પ્રોફાઈલ અને અનુભવી મેનેજમેન્ટ ટીમને ધ્યાનમાં રાખીને રેટિંગમાં અપગ્રેડ કર્યું છે. Ind-Raએ એવું પણ નોંધ્યું હતું કે, તમામ આર્થિક ચક્રોમાં કંપનીની મજબૂતી અને સ્વસ્થ કાર્યકારી નફાકારક ક્ષમતા જાળવવાની એની ક્ષમતા નોંધપાત્ર છે.

બેંક ઓફ બરોડા ગુજરાતમાં ૧૧૮૫ લોકલ બેંક ઓફિસરોની ભરતી કરશે

અમદાવાદ,
ભારતની અગ્રણી સરકારી બેંકો પૈકીની એક બેંક ઓફ બરોડાએ ગુજરાતમાં ૧૧૮૫ લોકલ બેંક ઓફિસર્સ (ગ્રેડ JMG/ S-I)ની કાયમી ધોરણે ભરતી કરવાની જાહેરાત કરી છે. એનો ઉદ્દેશ સ્થાનિક સ્તરે રોજગારીની તકોમાં વધારો કરવાનો અને રાજ્યમાં પોતાની બેંકિંગ કામગીરીને મજબૂત કરવાનો છે. આ ભરતી બેંકના એ મોટા રાષ્ટ્રવ્યાપક અભિયાનનો ભાગ છે, જે અંતર્ગત ૨૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૨,૪૮૨ લોકલ બેંક ઓફિસર્સની ભરતી કરવામાં આવશે. આ ભરતી અભિયાનનો ઉદ્દેશ યુવાન બેંકિંગ વ્યાવસાયિકો માટે કારકિર્દીની સારી તકો ઊભી કરવાનો, બેંકની સ્થાનિક પ્રતિભાઓને મજબૂત કરવાનો અને ગ્રાહકોને સેવા આપવા તથા પાયાના સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને ટેકો આપવાની પોતાની ક્ષમતા વધારવાનો છે.

આ ભરતીની મુખ્ય ખાસિયત એ છે કે, પસંદ થયેલા ઓફિસરોને એ જ રાજ્યમાં પોસ્ટિંગ આપવામાં આવશે, જે માટે તેમણે અરજી કરી છે. તેઓ પોતાની સર્વિસના શરૂઆતના ૧૨ વર્ષ સુધી કે SMGS-IV ગ્રેડમાં પ્રમોશન સુધી (એમાં જે પહેલા થાય) એ જ રાજ્યમાં કામ કરશે. રાજ્ય આધારિત પોસ્ટિંગથી બેંક ઓફ બરોડાને એવી વર્કફોર્સ તૈયાર કરવામાં મદદ મળે, જેને સ્થાનિક ભાષા, સંસ્કૃતિ અને બજારની સારી સમજણ હશે. એનાથી બેંકનો ગ્રાહક સાથે સંબંધ વધારે સારો થશે, સર્વિસ ડીલિવરી મજબૂત થશે અને સંબંધિત ક્ષેત્રોમાં ગ્રાહકોની બેંકિંગની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં મદદ મળશે.

દાહોદ જિલ્લામાં ગમખ્વાર અકસ્માતોનો સિલસિલો યથાવત

(પ્રતિનિધિ)દાહોદ,
દાહોદ જિલ્લામાં જુદી જુદી જગ્યાએ સર્જાયેલી ગમખ્વાર અકસ્માતની બે દુર્ઘટનામાં ગરબાડાના પાંદડી ગામના ૬૫ વર્ષીય વૃદ્ધ સહિત બે જણા સ્થળ પર જ કાળનો કોળિયો બન્યાનું સત્તાવાર જાણવા મળ્યું છે. વાહન ચાલકોની ગફલત તેમજ બેફિકરાઈ તથા વાહનોની ક્ષમતા કરતા વધુ પડતી ઝડપને કારણે છેલ્લા કેટલાય સમયથી દાહોદ જિલ્લામાં શરૂ થયેલો ગમખ્વાર અકસ્માતનો સિલસિલો હજીયે રોકાવાનું નામ લેતો નથી, તેવા સમયે જિલ્લામાં જુદી જુદી જગ્યાએ બનેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકાના રળીયાતી ગામે રોડ પર બનવા પામ્યો હતો જેમાં ગરબાડા તાલુકાના પાંદડી ગામના માળ ફળિયામાં રહેતા અનિલભાઈ મેસનભાઈ ડામોર પોતાની મોટર સાયકલ પર પાછળ તેના ગામના ૬૫ વર્ષીય નરસિંગભાઈ ખાતરા ભાઈ ડામોરને બેસાડી પોતાની મોટરસાયકલ બેફિકરાઈથી પૂર ઝડપે અને ગફલત ભરી રીતે રળીયાતી ગામે રોડ પર લઈ આવતા વધુ પડતી ઝડપને કારણે મોટરસાયકલ ચાલક અનિલભાઈ ડામોરે મોટરસાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા મોટરસાયકલ રોડ પર સ્લીપ ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ પર પાછળ બેઠેલ પાંદડી ગામના માળ ફળિયામાં રહેતા ૬૫ વર્ષીય નરસિંગભાઈ ખાતરાભાઈ ડામોરને માથામાં ગંભીર જીવલેણ ઈજા ઓ થતાં તેઓનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું.

મ્યુનિસિપલ કોર્પોરેશને કાલુપુરથી ગીતામંદિર સુધીના 'દબાણ દૂર કર્યા

(પ્રતિનિધિ) અમદાવાદ,
અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં જાહેર માર્ગો, ફૂટપાથ તથા જાહેર સ્થળો પરના અનધિકૃત દબાણો દૂર કરવાની કામગીરી ભાગરૂપે એએમસીના મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા આજે કાલુપુર રેલવે સ્ટેશન, ગીતામંદિર બસ સ્ટોપ તથા આસપાસના વિસ્તારોમાં મોટાપાયે દબાણ હટાવવાની કામગીરી કરવામાંઆવી હતી.

જાહેર માર્ગો અને ફૂટપાથ કરાયા દબાણમુક્ત

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન અને ગીતામંદિર બસ સ્ટોપ અત્યંત વ્યસ્ત વિસ્તારો પૈકીના વિસ્તારો ગણાય છે. અહીં મોટી સંખ્યામાં નાગરિકો તેમજ મુસાફરોની અવરજવર રહેતી હોવાથી જાહેર જગ્યાઓ પરના દબાણોને કારણે ટ્રાફિક અને રાહદારીઓની અવરજવરને અસર થતી હોય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એએમસીના મધ્ય ઝોન એસ્ટેટ વિભાગ દ્વારા આસપાસના વિસ્તારોમાં દબાણો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મધ્ય ઝોનના એસ્ટેટ વિભાગની ટીમ દ્વારા આ કામગીરી દરમિયાન જાહેર જગ્યાઓ પર દબાણરૂપે મૂકવામાં આવેલો વિવિધ પ્રકારનો માલ-સામાન દૂર કરી જપ્ત કરવામાં આવ્યો હતો. જેમાં છતવાળી લારી ૨૧ નંગ, સાદી લારી ૨ નંગ, મોટી છત્રી ૬ નંગ, ગેસના સગડા ૪ નંગ, ગેસના બાટલા ૩ નંગ, ટેબલ ૧૯ નંગ, પેડલ ૧ નંગ, કાઉન્ટર ૩ નંગ, પ્લાસ્ટિકના સ્ટૂલ ૨૬ નંગ તથા અન્ય સામાન ૩૪ નંગ મળી કુલ ૧૧૯ નંગ માલ-સામાન જપ્ત કરવામાં આવ્યો હતો.

તિરૂપતિ સરજન લિમિટેડ

CIN: L45100GJ1995PLC024091
રજીસ્ટર ઓફિસ : એ-૧૧,૧૨,૧૩, સત્યમેવ કોમ્પલેક્ષ, ગુજરાત હાઈકોર્ટ સામે, એસ.જી હાઈવે, અમદાવાદ-૩૮૦૦૬૦.
Ph: 91-79-2766 2013 E-Mail: info@tirupatisarjan.com
Website: www.tirupatisarjan.com

જાહેર નોટીસ

આથી જાહેર કરવામાં આવે છે કે તિરૂપતિ સરજન લિમિટેડ (ની ૩૧મી વાર્ષિક સામાન્ય સભા બુધવાર ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે, વીડિયોકોન્ફરન્સિંગ (VC) અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમ (OAVM) દ્વારા યોજવામાં આવશે.

આ સભા ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય (MCA) દ્વારા સમયાંતરે બહાર પાડવામાં આવેલા પરિપત્રો અનુસાર યોજવામાં આવશે, જેમાં સરક્યુલર નં. ૧૪/૨૦૨૦ તારીખ ૦૮ એપ્રિલ, ૨૦૨૦, સરક્યુલર નં.૧૭/૨૦૨૦ તારીખ ૧૩ એપ્રિલ, ૨૦૨૦, સરક્યુલર નં. ૨૦/૨૦૨૦ તારીખ ૦૫ મે, ૨૦૨૦, જનરલ સરક્યુલર નં.૨૨/૨૦૨૦, તા.૧૫ જૂન ૨૦૨૦, જનરલ સરક્યુલર નં.૩૩/૨૦૨૦, તારીખ ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૦, જનરલ સરક્યુલર નં.૩૯/૨૦૨૦, તારીખ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦, સરક્યુલર નં.૦૨/૨૦૨૧, તારીખ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, સરક્યુલર નં.૨૧/૨૦૨૧, તારીખ ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧, સરક્યુલર નં.૦૨/૨૦૨૨, તારીખ ૫ મે, ૨૦૨૨, સરક્યુલર નં.૧૦/૨૦૨૨, તારીખ ૨૮ ડિસેમ્બર, ૨૦૨૨, સરક્યુલર નં.૦૯/૨૦૨૩, તારીખ ૨૫, સપ્ટેમ્બર ૨૦૨૩, સરક્યુલર નં.૦૯/૨૦૨૪, તારીખ ૧૯, સપ્ટેમ્બર ૨૦૨૪, સરક્યુલર નં.૦૩/૨૦૨૫, તારીખ ૨૨, સપ્ટેમ્બર ૨૦૨૫ તથા સેબી સરક્યુલર નં.SEBI/HO/CFD/PoD-2/P/CIR/2023/4 તારીખ ૦૫ જાન્યુઆરી, ૨૦૨૩, તેમજ સમય અંતરે બહાર પાડવામાં આવેલા અન્ય સંબંધિત પરિપત્રો નો સમાવેશ થાય છે.

કંપનીને આનંદ છે કે ઉપરોક્ત પરિપત્રો ના પાલન હેઠળ કંપનીના સભ્યો ને VC / OAVM દ્વારા વાર્ષિક સસામાન્ય સભામાં ભાગ લેવાની સુવિધા તથા સભા દરમ્યાન ઈલેક્ટ્રોનીક માધ્યમથી મતદાન કરવાની સુવિધા આપવામાં આવી રહી છે.

જે સભ્યો કટ-ઓફ તારીખે કંપનીના શેર ધરાવે છે, તેઓ મત દાન કરી શક્શે. જે સભ્યો નેકંપનીનો વાર્ષિક અહેવાલ ઈમેઈલ આઆઈડી ઉપલબ્ધ ન હોવાને કારણે ઈલ્ટ્રોનીક સ્વરૂપે મળ્યો નથી તેઓ પણ ની નોટીસમાં આપવામાં આવેલી સૂચનાઓ અનુસાર પોતાનો મત આપી શક્શે.

ઉપરોક્ત પરિપત્રો અનુસાર, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનો કંપની ની વાર્ષિક અહેવાલ, જેમાં વાર્ષિક સામાન્ય સભાની નોટીસનો પણ સમાવેશ થાય છે. તેવા સભ્યોને ઈ-મેઈલ દ્વારા મોકલશે જેમનુ ઈમેઈલ આઈડી કંપની / પાસે નોધાયેલું છેતેથી, જે સભ્યોએ હજુ સુધી પોતાનું ઈ-મેઈલ આઈડી નોંધાવ્યુ નથી, તેઓને કંપની તરફથી ઈ-ક્મ્યુનિકેશન મેળવવા માટે નીચે જણાવેલ પ્રક્રિયા મુજબ પોતાનું ઈ-મેઈલ આઈડી નોંધાવવા વિનંતી કરવામાં આવે છે.

એ : ફિઝિકલ મોડમાં શેર ધરાવતા સભ્યો માટે પોતાનું સભ્યનું નામ, પાનકાર્ડની સ્વ-પ્રમાણિત નકલ તથા આધાર કાર્ડની સ્વ-પ્રમાણિત નકલ સાથે પોતાનું ઈ-મેઈમ સરનામું નોંધાવવા માટે ઈ-મેઈલ પર મોકલવું : cs.tirupatisarjan@gmail.com

બી : ડીમેટ મોડમાં શેર ધરાવતા સભ્યો માટે પોતાનું ઈ-મેઈલ સરનામું નોંધાવવા માટે પોતાના સંબંધિત Depository Participant(DP) નો સંપર્ક કરવો.

કંપનીની વાર્ષિક સામાન્ય સભાની નોટીસ કંપની ની વેબસાઈટ www.tirupatisarjan.com તેમજ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ ઉપલબ્ધ કરવામાં આવશે.

તારીખ : ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬
સ્થળ : અમદાવાદ

તિરૂપતી સરજન લિમિટેડ તરફથી
રુચિર રુષિકેશભાઈ પટેલ
વ્હોલટાઇમ ડિરેક્ટર
DIN: 03185133

શાયોના એન્જિનિયરિંગ લિમિટેડ

(CIN: L29309GJ2017PLC095794)
નોંધાયેલ કાર્યાલયઃ શેડ નં ૧૧૩/૧, જી.આઈ.ડી.સી., મકરપુરા, એમ.આઈ. એસ્ટેટ, વડોદરા- ૩૯૦૦૧૦, ગુજરાત ફોનઃ +૯૧-૯૩૧૦૮૦૬૦૮૦
ઈ-મેલઃ compliance@shayonaengg.com
વેબસાઈટઃ www.shayonaengg.com

૧૦મી એજીએમ નોટીસ

શાયોના એન્જિનિયરિંગ લિમિટેડ તેના શેરધારકોને વાર્ષિક સામાન્ય સભા ('AGM' અથવા 'સભા') ના સ્થળ સિવાય અન્ય સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ('રિમોટ ઈ-વોટિંગ') દ્વારા મતદાન કરવાની સુવિધા પ્રદાન કરવામાં આનંદ અનુભવે છે. કંપનીની ૧૦મી વાર્ષિક સામાન્ય સભા શુક્રવાર, ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે, કોર્ટયાર્ડ બાય મેરિયટ, બ્લોક બી, સારાભાઈ કેમ્પસ, ગેંડા સર્કલ પાસે, એલેમ્બિક રોડ, વડોદરા - ૩૯૦૦૨૩, ગુજરાત ખાતે યોજાનાર છે.

આ સંદર્ભે, આથી જાણ કરવામાં આવે છે કે કંપનીએ ૧૦મી વાર્ષિક સામાન્ય સભા બોલાવતી નોટિસ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ માત્ર ઈલેક્ટ્રોનિક માધ્યમથી મોકલવાની પ્રક્રિયા પૂર્ણ કરી છે. ઉપરોક્ત નોટિસમાં દર્શાવેલ વ્યવહારો ઈલેક્ટ્રોનિક માધ્યમથી હાથ ધરવામાં આવી શકે છે. શેરધારકોએ ઈલેક્ટ્રોનિક રીતે મત આપવા માટે www.evoting.nsdl.com પર લૉગ ઈન કરવાનું રહેશે. ઈ-વોટિંગની વિગતવાર પ્રક્રિયા નોટિસની નોંધ ક્રમાંક ૨૫માં આપવામાં આવી છે.

રિમોટ ઈ-વોટિંગનો સમયગાળો ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે શરૂ થશે અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પૂર્ણ થશે. સભામાં હાજર સભ્યો બેલેટ પેપર દ્વારા પોતાનો મત આપી શકશે. જેમણે રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપી દીધો છે તેઓ સભામાં હાજરી આપી શકશે, પરંતુ ફરીથી મત આપવા માટે હકદાર રહેશે નહીં. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ની કટ-ઓફ તારીખે કંપનીના શેર ધરાવતા શેરધારકો રિમોટ ઈ-વોટિંગ અથવા AGM દરમિયાન બેલેટ દ્વારા મત આપી શકશે. નોટિસ મોકલ્યા પછી કંપનીના શેર પ્રાપ્ત કરનાર અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સભ્ય તરીકે નોંધાયેલ કોઈપણ વ્યક્તિ evoting@nsdl.com પર વિનંતી મોકલીને, તેની નકલ કંપનીના compliance@shayonaengg.com પર મોકલી, લૉગિન ID અને પાસવર્ડ મેળવી શકે છે. NSDL દ્વારા ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પછી ઈ-વોટિંગ મોડ્યુલ મતદાન માટે નિષ્ક્રિય કરવામાં આવશે અને આ તારીખ તથા સમય પછી રિમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.

વાર્ષિક અહેવાલ અને AGM નોટિસ સાથે Attendance Slip અને Proxy From કંપનીની વેબસાઈટ પર નીચેની લિંક પર ઉપલબ્ધ છે: https://shayonaengg.com/engineering/annual-reports/. તે જ સ્થળેથી PDF પણ ડાઉનલોડ કરી શકાય છે. AGM નોટિસ NSDLની વેબસાઈટ www.evoting.nsdl.com પર પણ ઉપલબ્ધ રહેશે.

ઈ-વોટિંગ સંબંધિત કોઈ પ્રશ્નો અથવા સમસ્યાઓ હોય તો સભ્યો www.evoting.nsdl.com ના Help વિભાગ હેઠળ ઉપલબ્ધ Frequently Asked Questions ("FAQs") અને ઈ-વોટિંગ મેન્યુઅલનો સંદર્ભ લઈ શકે છે અથવા evoting@nsdl.com પર ઈ-મેલ કરી શકે છે. સભ્યો ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન સંબંધિત ફરિયાદ હોય તો તેઓ કંપની સેક્રેટરી કુ. ભૂમિ મહેતા, ૧૧૩/૧, જીઆઈડીસી (GIDC), મકરપુરા, એમ.આઈ. એસ્ટેટ, વડોદરા-૩૯૦૦૧૦; ફોનઃ +૯૧-૯૩૧૦૮૦૬૦૮૦; ઈ-મેલઃ compliance@shayonaengg.com પર પણ સંપર્ક કરી શકે છે.

આ નોટિસ કંપનીની વેબસાઈટ http://www.shayonaengg.com માં ઈન્વેસ્ટર સેકશન ખાતે અને સ્ટોક તેમજ સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com ના Croproate Announcemen વિભાગમાં પણ ઉપલબ્ધ છે.

શાયોના એન્જિનિયરિંગ લિમિટેડ
સહી/-
ભૂમિ મહેતા
કંપની સેક્રેટરી અને કમ્પ્લાયન્સ ઓફિસર

વડોદરા,
૦૧/૦૯/૨૦૨૬

VINYOFLEX LIMITED

Regd. Off : 307, Silver Chamber, Tagore Road, Rajkot - 360 002.
CIN : L25200GJ1993PLC019830
Ph. : 0281-2468345, 2468776 Fax : 0281-2468839
Web site : www.vinyoflex.com · E mail : info@vinyoflex.com

NOTICE OF 33rd ANNUAL GENERAL MEETING, EVOTING INFORMATION, BOOK CLOSURE AND RECORD DATE

1. Notice is hereby given that the **33rd Annual General Meeting** of Members of **VINYOFLEX LIMITED** will be held at registered office situated at 307, Silver Chambers, Tagore Road, Rajkot on **Friday 25TH September, 2026 at 10.30 A. M.** to transact the Businesses, As set out in the Notice dated 31st AUGUST 2026 in compliance with the applicable provisions of the Companies Act, 2013 and rules farmed there under and the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Notice of AGM, Annual Report and Attendance Slip has been sent in Electronic Mode to all Members in the Permitted Mode. The above documents are also available on the Company's Website- **www.vinyoflex.com**.

2. Dispatch of Annual Report through E-mail Only:
Members may note that the Annual Report of the Company for the Financial Year 2025-26 along with Notice convening the AGM has been sent only through email to all those Members whose email addresses were registered with the Company/RTA or with their respective Depository Participant(s) (DP) as on the date 28-08-2026, in accordance with the MCA Circulars and Circular No.SEBI/HO/CFD/CMD1/CINP/2020/79 dated May 12, 2020, January 15, 2021, May 13, 2022 and January 5, 2023 issued by SEBI. Further, Members holding shares in physical form and who have not yet registered/updated their email address are requested to update their Mail Id by submitting forms given at the website of the Company **www.vinyoflex.com**

3. Remote E voting Information:
In compliance with provisions of section 108 of the Companies Act, 2013 read with rules made there under as amended from time to time and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 the Company is pleased to provide members facility to exercise their right to vote at the Annual General Meeting (AGM) by electronic means through e-Voting Services provided by National Securities Depository Limited (NSDL). All members are informed that

1) The businesses as stated in the Notice of 33rd AGM will be transacted through voting by electronic means;
2) The e-voting period commences as on Monday, 21st September 2026 (9 a.m.) and ends on Thursday, 24th September 2026 (5 p.m.).
3) The cut-off date for determining the eligibility to cast vote by electronic means is September 18, 2026.
4) A person who is not a Member as on the Cut-off date should treat this notice for Information purpose only. The persons who acquire shares and become members of the Company after dispatch of the Notice of AGM through Email and holding shares as on the cut-off date i.e. September 18, 2026 may obtain Login Id and Password by sending a request on or before **September 18, 2026** at **evoting@nsdl.co.in** or **info@vinyoflex.com** and may cast their votes by following the instructions and process of e-voting as provided in the Notice of AGM.
5) In case of any queries, you may refer the Frequently Asked Questions (FAQs) for Shareholders and e-voting user manual for Shareholders available at the download section o www.evoting.nsdl.com or call on toll free no.: 1800 1020 990 and 1800 22 44 30 or send a request to at evoting@nsdl.co.in.
6) The members may note that: (a) once the e-vote on resolution is cast by members, they shall not be allowed to change it subsequently; (b) The members who have cast their vote by remote e-voting may also attend physical AGM but shall not be entitled to cast their vote again.

4. Book Closure and Record Date:
Pursuant to Regulation 42 and 60 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and Section 91 of the Companies Act, 2013 and the applicable Rules there under the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Friday, 18th September, 2026 To Friday, 25th September, 2026 (Both Days Inclusive) for the purpose of AGM and cut-off date (record date) is 18th September 2026.
The said notice is also available on website of stock exchanges **www.bseindia.com** and on company's website **www.vinyoflex.com**

Date:02-09-2026
Place : Rajkot

by Order & behalf of the Board of Directors
for Vinyoflex Ltd.
Sd/-
RAHUL KHOKHAR
COMPANY SECRETARY& COMPLIANCE OFFICER

ક્રિએટીવ કાસ્ટિંગ્સ લિમિટેડ

(CIN: L27100GJ1985PLC008286)
રજી.ઓફિસ : ૧૦૨, જીઆઈડીસી વિભાગ-૨, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ-૩૬૨૦૦૩.
ફોન નં.+૯૧-૨૮૫-૨૬૬૦૨૨૪, ફેક્સ: +૯૧-૨૮૫-૨૬૬૧૩૪૮,
ઈ-મેઈલ : info@creative-cast.com, વેબસાઈટ : www.creative-cast.com

૪૧મી એજીએમ નોટીસ

ક્રિએટીવ કાસ્ટિંગ્સ લિમિટેડ કંપનીની એકતાલીસમી વાર્ષિક સાધારણ સભા ('એજીએમ') શનિવાર, ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ૧૦૨, જીઆઈડીસી વિભાગ-૨, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ-૩૬૨૦૦૩ ખાતે રાખવામાં આવેલ છે. જે માટે કંપની પોતાના શેરહોલ્ડરોને એજીએમ સિવાયના સ્થળેથી ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમ ('રીમોટ ઈ-વોટિંગ') દ્વારા મત આપવાની સુવિધા આપતા આનંદ અનુભવે છે.

આના સંદર્ભમાં નોટીસ આપવામાં આવે છે કે કંપની ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા ૧લી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ ૪૧મી એજીએમ બોલાવવા નોટીસની રવાનગીનું કાર્ય પૂર્ણ કરેલ છે. વધુમાં, જે સભ્યોએ પોતાની ઈ-મેલ આઈડી નોંધાવી નથી, તેમને વાર્ષિક અહેવાલના વેબ માર્ગ દર્શાવતો પત્ર મોકલવામાં આવેલ છે. નોટીસમાં દર્શાવવામાં આવેલ બાબતો ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા થઈ શકશે. શેરહોલ્ડરોએ ઈલેક્ટ્રોનિક પદ્ધતિ થી મતદાન કરવા માટે www.evotingindia.com પર લૉગ ઇન કરવું જરૂરી છે. ઈ-વોટિંગ કરવા માટેની વિગતવાર પ્રક્રિયા નોટીસમાં નોંધ નં. ૩૮ માં દર્શાવવામાં આવી છે.

રીમોટ ઈ-વોટિંગનો સમય ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે શરૂ થાય છે અને ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ કલાકે પૂરો થાય છે. સભામાં હાજર રહેલા સભ્યોએ મતપત્રક દ્વારા પોતાનો મત આપવાનો રહેશે. જે શેરહોલ્ડરોએ રીમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કર્યુ હશે તેઓ પણ આ સભા માં હાજરી આપી શકશે પરંતુ તેઓને ફરીવાર મતદાન કરવાનો અધિકાર નહીં મળે. જેઓ કટ-ઓફ તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં કંપનીના શેર ધરાવતા શેરહોલ્ડરો હશે તેઓ રીમોટ ઈ-વોટિંગ દ્વારા અથવા તો મતપત્રક દ્વારા એજીએમમાં મતદાન કરવા હકદાર રહેશે. કોઈપણ વ્યક્તિ કે જે આ નોટીસ મોકલ્યા બાદ કંપનીના શેર ખરીદીને કંપનીના સભ્ય બન્યા હોય તે helpdesk.evoting@cdslindia.com પર વિનંતી કરીને લોગ-ઇન આઈડી અને પાસવર્ડ પ્રાપ્ત કરી શકે છે સાથે info@creative-cast.com પર કંપનીને પણ કોપી માર્ક કરવી. આ ઈ-વોટિંગ મોડ્યુલ સીડીએસએલ દ્વારા ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ (સાંજે ૫:૦૦ કલાકે) બંધ કરી દેવામાં આવશે અને આ તારીખ અને સમય બાદ રિમોટ ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં.

કંપનીનો વાર્ષિક અહેવાલ અને એજીએમ નોટીસની સાથે એટેન્ડન્સ સ્લીપ અને પ્રોક્ષી ફોર્મ કંપનીની દર્શાવેલી વેબસાઈટની લિંક પર ઉપલબ્ધ છે: https://www.creative-cast.com/Reprots/AnnualReprot2526.PDF અને ત્યાંથી જ તે ડાઉનલોડ પણ કરી શકાશે. એજીએમની નોટીસ સીડીએસએલની વેબસાઈટ (www.evotingindia.com) ઉપર પણ ઉપલબ્ધ થશે.

ઈ-વોટિંગ સંબંધિત સભ્યોને કોઈપણ પ્રશ્નો અથવા મુદ્દાઓ હોય તો તેઓ www.evotingindia.com પર મદદ વિભાગની અંદર ઉપલબ્ધ પ્રશ્નો અને વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) સંદર્ભ લો અથવા તો helpdesk.evoting@cdslindia.com ઉપર ઈમેઈલ કરી શકો છો. જો સભ્યોને ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા થતા મતદાન સાથે જોડાયેલ સંબંધિત ફરિયાદ હોય તો તેઓ કંપની સેક્રેટરી કુ. એકતા ભીમાણીને ૧૦૨, જીઆઈડીસી વિભાગ-૨, રાજકોટ રોડ, દોલતપરા, જૂનાગઢ-૩૬૨૦૦૩, ગુજરાત, ફોન નં. ૦૨૮૫-૨૬૬૦૨૨૪, ઈમેઈલ info@creative-cast.com ઉપર પણ લખી શકે છે.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.creative-cast.com માં ઈન્વેસ્ટર ઈન્ફોર્મેશન સેક્શન ખાતે અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com માં કોર્પોરેટ એનાઉન્સમેન્ટ સેક્શન ખાતે પણ ઉપલબ્ધ છે.

ક્રિએટીવ કાસ્ટિંગ્સ લિમિટેડ વતી
સહી/-
ધીરુભાઈ એચ. દાંડ,
ચેરમેન & ડિરેક્ટર
ડીન : ૦૦૨૮૪૦૬૫

દોલતપરા, ૦૧/૦૯/૨૦૨૬

AMBAR PROTEIN INDUSTRIES LIMITED

(CIN: L15400GJ1992PLC018758)
(Regd. Off:- Sarkhej-Bavla Highway, Opp Bhagyoday Hotel, Changodar, Dist. Ahmedabad-382213)
E-mail: ambarinv@gmail.com • website: www.ambarprotein.com
Contact No: (02717) 250220 / 221 / 410 • F: (02717) 297123

NOTICE OF 33rd ANNUAL GENERAL MEETING, E-VOTING AND BOOK CLOSURE DATES

NOTICE is hereby given that the 33rd Annual General Meeting (AGM) of the Company is scheduled to be held on Wednesday, September 30, 2026 at 10.00 a.m. at Sarkhej Bavla Highway, Opp Bhagyoday Hotel, Changodar, Ahmedabad - 382 213.

The Notice of AGM along with the Annual Report, inter alia, including the remote e-voting instructions, Attendance Slip and proxy form has been e-mailed to the members whose e-mail addresses have been registered with the Company or with Depository Participants and as permitted by mode to all other members at their registered addresses.

Pursuant to Provision of Section 91 of the Companies Act, 2013 and as per provisions of Regulation 42 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the register of members and Share Transfer books of the company shall remain closed from September 24, 2026 to September 30, 2026 (both days inclusive).

VOTING THROUGH ELECTRONIC MODE:
In Compliance with provision of Section 108 of the Companies Act, 2013 ("the Act"), read with Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the company is pleased to provide its members the facility to cast their votes by electronic means ("remote e-voting") as provided by Central Depository Services (India) Limited (CDSL) on all the resolution(s) asset forth in the Notice of AGM.

The details pursuant to the provisions of Companies Act, 2013 and Rules are given hereunder :

1) Cut-off date for the purpose of remote e-voting is 23rd September, 2026.
2) Period of e-voting : Starts from 09:00 AM on 27th September, 2026 and ends at 5:00 PM on 29th September,2026.
3) Notice of AGM is available on website of the Company (www.ambarprotein.com) as well as website of CDSL (www.cdslindia.com)
4) Persons who have acquired shares and become member of the Company after dispatch of Notice of the AGM and holding shares as on the cut-off date i.e. 23rd September, 2026, may cast their votes by following the instructions and process of remote e-voting as provided in the Notice of AGM.
5) The facility for voting through Poll shall also be made available at the AGM and Members who have not cast their vote by remote e-voting shall be able to exercise their rightat the AGM. In case Members cast their votes through both the modes, voting doneby e-voting shall prevail and vote cast through poll paper shall be treated as invalid.
6) In case of any query relating to e-voting, members/ beneficial owners may refer the frequently asked questions and e-voting user manual available at www.evotingindia.com or write one mail to helpdesk.evoting@cdsl.com

Date : 14-08-2026
Place : Ahmedabad

For and on behalf of Board
For, AMBAR PROTEIN INDUSTRIES LIMITED
Sd/-
Pradeep C. Khetani
Managing Director
(DIN : 01786030)